ગાંધીનગર સમાચાર

વાણિજય કોલેજમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ

# ચ-૫ સર્કલેથી દારૂની બોટલ સાથે ડીલીવીર બોય પકડાયો

**દારૂની બોટલ જયાં ડીલીવર કરવાની હતી ત્યાં સુધી તપાસ ન લંબાવવા કોન્સ્ટેબલે ૩૦ હજારનો તોડ કર્યો...!**

ગાંધીનગર, તા.૯

ચિલોડા નજીક આવેલા એક ગામમાંથી દારૂની એક બોટલ લઈને ડીલીવીર બોય બાઈક પર ગાંધીનગર આવ્યો હતો અને ચ-૫ સર્કલથી પોલીસના હાથે પકડાઈ ગયો હતો. આ બોટલ જયાં ડીલીવરી કરવાની હતી ત્યાં સુધી તપાસ ન લંબાવવા માટે સે-૨૧ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલે બે-પાંચ હજાર નહીં પરંતુ ૩૦ હજારનો તોડ કર્યો હોવાની ચર્ચાએ જોર પકડયું છે. મળતી માહિતી મુજબ તે શખ્સ સચિવાલયનાં જ એક કર્મચારીને બોટલ ડીલીવર કરવા જઈ રહ્યો હતો.

પોલીસ સ્ટેશનમાં દાખલ થતા નાના મોટા ગુનાઓમાં તપાસ કરતાં પોલીસ કર્મીઓ કાગળો તૈયાર કરતી વખતે આવડત મુજબ રૂપિયા કમાઈ લેતા હોય છે. આ પ્રવૃત્તિ પર એસપીએ સ્વયં રસ લઈને ખાનગી વ્યકિત પાસેથી ડમી અરજી કરાવીને તપાસ કરવાની જરૂર જણાઈ રહી છે. પહેલા ચા પાણીના કહીને એક-બે હજાર રૂપિયામાં લેવડ દેવડ પતી જતી હતી પરંતુ હવે સામાન્ય કેસમાં પણ સેટીંગની રકમનો આંકડો પાંચ આંકડે પહોંચી જાય છે. તાજેતરમાં જ એક બોટલ વિદેશી દારૂ લઈને ચિલોડા નજીકના એક ગામનો ડીલીવરી બોય બાઈક પર બોટલની ડીલીવરી માટે ગાંધીનગર આવી રહ્યો હતો અને તે શખ્સ સે-૨૧ની પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી અને બોટલ કયાં ડીલીવર કરવાની હતી તે પુછતા સચિવાલયના કોઈ કર્મચારીનું નામ ખુલ્યું હતું. ગભરાઈ ગયેલા કર્મચારીએ તપાસ ત્યાં જ અટકાવી દેવા લેવડ દેવડની વાત કરતાં રૂ. ૫૦ હજારની માંગણી કરવામાં આવી હતી જે રકઝકને અંતે રૂ. ૩૦ હજારમાં પતાવટ થઈ હોવાની ચર્ચા ચાલી રહી છે. આ પ્રકારે સંખ્યાબંધ તોડ તપાસ દરમિયાન થઈ રહ્યા છે જે દિશામાં એસ.પી.એ. તપાસ કરવી જરૂરી લાગી રહી છે.

## @ગાંધીનગર

● સે-૨૧ ખાતે સવારે ૯.૧૫ કલાકે બેસ્ટ બોય ફાયનાન્શીયલ સોલ્યુશનનો પ્રારંભ થશે.

### આજે કેશવમ પાર્ટી પ્લોટ ખાતે આનંદના ગરબાની અખંડધૂન યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર મહુડી માર્ગ પર આવેલા કેશવમ પાર્ટી પ્લોટ ખાતે બહુચર માતાજીના આનંદના ગરબાના પ્રાગટય દિવસની યાદગીરી નિમિતે તા.૧૦ માર્ચ ગુરુવારના રોજ સવારે ૬.૪૫ થી સાંજે ૬.૪૫ કલાક સુધી ભાવનાબેન ગોકલાણીના વરદ કંઠે આનંદના ગરબાની અખંડધુન રાખવામાં આવી છે. અવિરત સ્વરગાનમાં જોડાવા માટે સર્વે મંડળો તથા ભાવિક ભકતજનોને ભાવવિભોર આમંત્રણ સ્વ. ચંદ્રકાંતભાઈ કેશવલાલ સુખડીયા, કપીલાબેન ચંદ્રકાંત સુખડીયા, રેખાબેન જયંતભાઈ સુખડીયા, રેણુકાબેન મહેશકુમાર સુખડીયાએ પાઠવ્યું છે. દરેક ભકતો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે.

### શહેરમાં મહિલા દિને અનુસુચિત જાતિની મહિલાઓ દ્વારા સ્નેહમિલન યોજાયું

ગાંધીનગર, તા.૯

વિશ્વ મહિલા દિવસ નિમિતે ગાંધીનગર શહેરમાં વસવાટ કરતી અનુસૂચિત જાતિ સમાજની મહિલાઓ દ્વારા એક સ્નેહ મિલન સમારોહ વિધાનસભાની સામે આવેલા ઘ -૪ ના બગીચામાં ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાના સાંનિધ્યમાં યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં સમાજની મહિલાઓ હાજર રહી હતી.

મહિલા અગ્રણી અનીતા પરમાર અને સામાજીક કાર્યકર હંસાબેન પરમારની આગેવાની હેઠળ યોજાયેલા આ સ્નેહમિલનમાં સમાજની જાગૃત અગ્રણી મહિલાઓ સુનંદાબેન આનંદ, દક્ષાબેન પરમાર, ચંપાબેન વાઘેલા, કામીનીબેન પરમાર, દિનાબેન પરીખ, ઈલાબેન જાદવ, રમીલાબેન રાઠોડ, પારૂલબેન ગોહિલ, તારાબેન પરમાર, મધુબેન કાંતાર, ગીતાબેન સાપરીયા સહિત મોટી સંખ્યામાં મહિલાઓએ ભાગ લઈ સમાજમાં ચાલતી વિવિધ ગતિવિધિઓ અને પ્રશ્નોની ચર્ચા કરી હતી. શહેરના ઘ-૪ વિસ્તારમાં ખુબ આનંદમય વાતાવરણમાં આયોજીત આ કાર્યક્રમમાં આવા પ્રકારના મહિલાલક્ષી કાર્યક્રમો કરવાથી સમાજમાં ચાલતી વિવિધ પ્રવૃતિ અને પ્રશ્નોની જાણકારી મળતી હોવાથી આવા સુંદર આયોજનો સતત કરવા જોઈએ એવો સુર હાજર મહિલાઓએ વ્યકત કર્યો હતો.

# સતત પાંચમા વર્ષે ચેમ્પિયન ટ્રોફી સાથે સ્કેટીંગમાં વિન્દ્રા પટેલનો દબદબો

**ખેલ મહાકુંભમાં રાજય કક્ષાએ ગોલ્ડ અને સિલ્વર મેડલ સાથે ચેમ્પિયન ટ્રોફી જીતી : અત્યાર સુધીમાં ૧૬ ગોલ્ડ અને ૪ સિલ્વર જીત્યા છે**






ગાંધીનગર, તા.૯

સે-૨૩ની ધો-૧૦માં અભ્યાસ કરતી વિન્દ્રા પ્રમોદ પટેલે ખેલ મહાકુંભમાં સ્કેટીંગની રમતમાં રાજય કક્ષાએ ઉત્કૃષ્ઠ દેખાવ કરી એક ગોલ્ડ મેડલ અને એક સિલ્વર મેડલ સાથે ચેમ્પિયન ટ્રોફી જીતી રાજયભરમાં ગાંધીનગર જિલ્લાનું નામ રોશન કર્યું છે. વિન્દ્રા પટેલે ૧૬ વર્ષથી ઉપરની બહેનોના ગૃપમાં ૫૦૦ મીટરની રેસમાં ગોલ્ડ મેડલ અને ૧૦૦૦ મીટર રેસમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરવા સાથે સળંગ પાંચમા વર્ષે ચેમ્પિયન ટ્રોફી હાંસલ કરી છે.

ખેલ મહાકુંભમાં છેલ્લા પાંચ વર્ષતી સતત ચેમ્પિયન ટ્રોફી વિન્દ્રા પટેલે જીતી છે. વર્ષ ૨૦૧૧થી સતત ઉત્કૃષ્ઠ પ્રદર્શન સાથે ચેમ્પિયન બનનાર વિન્દ્રા પટેલે અત્યાર સુધીમાં ખેલ મહાકુંભમાં રાજયકક્ષાએ ૧૬ ગોલ્ડમેડલ તથા ૪ સિલ્વર મેડલ અને ૧ બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજય કક્ષાએ સ્કેટીંગમાં ઉત્કૃષ્ઠ દેખાવ બદલ વિન્દ્રા પટેલને ગુજરાત સરકાર દ્વારા જયદિપસિંહજી જુનિયર અને સરદાર પટેલ જુનિયર એવોર્ડ પણ એનાયત કરાઈ ચુકયા છે.

# સે-૧૯માં રહેતી પરિણીતાની સાસરીયાઓ સામે ફરિયાદ

**બે વર્ષથી ત્રાસ અપાતો હોવાનો ફરીયાદમાં ઉલ્લેખ : ફાયનાન્સ એડવાઈઝર પતિ તથા સાસુ-સસરા સામે ગુનો દાખલ**

ગાંધીનગર, તા.૯

શહેરના સે-૧૯ ખાતે રહેતી પરિણિતાએ તેણીના પતિ તથા સાસુ-સસરા છેલ્લા બે વર્ષથી શારિરીક-માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ સે-૨૧ પોલીસ મથકે નોંધાવી છે. પોલીસે શારિરીક-માનસિક ત્રાસ અંતર્ગત આઈપીસી કલમ ૪૯૮ (ક) હેઠળ સાસરીયાઓ સામે ગુનો દાખલ કરીને પીએસઆઈ એ.ડી. ગોહીલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મળતી માહિતી મુજબ સે-૧૯ રવિ એપાર્ટમેન્ટના ફલેટ નં. ૨ ખાતે રહેતી પરિણીતા ઋચિતાબેન બોબી બારૈયાને તેણીના પતિ બોબી ઈરવીન બારૈયા (ફાયનાન્સ એડવાઈઝર) બે વર્ષથી શારિરીક-માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ ઋચિતાબેને નોંધાવી છે. ફરિયાદમાં પતિ બોબી ઉપરાંત સસરા ઈરવીન સેમસન બારૈયા અને સાસુ રચીબેન ઈરવીન બારૈયા સહિત ત્રણ સામે આક્ષેપો કરવામાં આવ્યા છે. ઋચિતાબેનની ફરિયાદ લઈને સે-૨૧ પોલીસ મથકના પીએસઆઈ એ.ડી.ગોહિલે પતિ સહિત ત્રણ સામે ગુનો દાખલ કરીન ગુનાની તટસ્થ તપાસ શરુ કરી છે.

## વાતવાતમાં

● આઈસીડબલ્યુએ દ્વારા અમદાવાદમાં યોજાયેલ સ્ટુડન્ટસ કોન્વેન્શનમાં ગાંધીનગરની બી.પી. કોલેજ ઓફ બીબીએના વિદ્યાર્થીઓએ પ્રથમ, દ્વિતિય અને તૃતીય એમ ત્રણેય સ્થાને વિજેતા બની કોલેજનું નામ રોશન કર્યું છે. આ કોન્વેન્શનમાં બીબીએ કોલેજના કુલ ૧૪ વિદ્યાર્થીઓએ ભાગ લઈ રિસર્ચ પેપર્સ પ્રસ્તુત કર્યા હતા.

● સે-૩માં આજે વાંદરાઓની એક ટોળીએ ભારે આતંક મચાવ્યો હતો. વાંદરાઓના તોફાનના કારણે સેકટરના રહીશોએ બપોર સુધી ઘરના દરવાજા બંધ રાખવાનો વારો આવ્યો હતો.

● સે-૧૭માં યુનિયન બેંકના સામેના વિસ્તારમાં એક વીજડીપી પર ગત ચોમાસામાં વરસેલા તોફાની વરસાદ દરમિયાન પડી ગયેલું ઝાડ હજુ જેમનું તેમ છે. આ ઝાડનું થડ તદ્દન સુકાઈ જવા છતાં વીજ કરંટની બીકે કોઈ કર્મચારી હટાવવાની કામગીરી હાથ ધરતા નથી પરંતુ ટોરેન્ટ પાવરનો સંપર્ક સાધી આ કાર્ય કેમ આટોપાતું નથી તે સવાલ રહીશોને મુંઝવી રહ્યો છે.

● ગાંધીનગરના સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસપદે વિરેન્દ્રસિંહ યાદવની નિયુકિતને એક વર્ષ પૂર્ણ થવા પામ્યું છે. આ એક વર્ષ દરમિયાન તેમની પ્રશંસાત્મક કામગીરીને કારણે તેઓએ સારી એવી લોકપ્રિયતા હાંસલ કરી છે.

● ગાંધીનગરમાં ત્રિદિવસીય બાળ ફિલ્મ મહોત્સવનો અને એજયુકેશનલ ઈનોવેશન ફેરનો પ્રારંભ થયો છે. સે-૧૨ ખાતેના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં યોજાયેલ આ મહોત્સવના પહેલા દિવસે જ મુલાકાતીઓની સંખ્યા નોંધપાત્ર રહી હતી.

## શહેરમાં રકતદાન શિબિર યોજાશે

ગાંધીનગર શહેરના સેકટર - ૨૯ નીકી હોસ્પિટલ ખાતે આગામી તા.૧૩ માર્ચ રવિવારના રોજ સવારે ૯ થી ૧ કલાક દરમિયાન ૩૪મો મફત નિદાન કેમ્પ, ફ્રી ડેન્ટલ ચેકઅપ કેમ્પ તેમજ કેન્સરના દર્દીઓના લાભાર્થે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં શહેરના રકતદાતાઓને મોટીસંખ્યામાં રકતદાન કરવા અનુરોધ કરવામાં આવે છે.

આ ગાંધીનગર શહેરના સેકટર - ૨૮ /૨૯ બસ સ્ટેન્ડ પાછળ આવેલા નીકી હોસ્પિટલ પ્લોટ નં - ૪૮૪-૨ ખાતે આયોજીત ૩૪માં મફત નિદાન કેમ્પમાં હાડકામાં કેલ્શિયમની તપાસનો કેમ્પ, હિમોગ્લોબીન ચેકઅપ, વજન વધારાની સમસ્યા માટે ચરબીનું પ્રમાણ માપીને નિષ્ણાંત તબિબો દ્વારા માર્ગદર્શન, ડાયટિશિયન મારફતે આહારનું માર્ગદર્શન આપવામાં આવશે. જયારે ફ્રી ડેન્ટલ ચેકઅપમાં મેટલ બ્રેસીસ, સિરામીક બ્રેસીસ, આઈસ બ્રસીસ, પાર્દર્શક બ્રેસીસ, સહિત વાંકાચુંકા અને આગળ પડતા દાંતની સારવાર દરરોજ મળી શકશે. આ મફત નિદાન, ફ્રી ડેન્ટલ ચેકઅપનો લાભ લેવા તેમજ રકતદાન શિબિરમાં જોડાઈને મોટી સંખ્યામાં રકતદાન કરવા ડોકટર ડી.એ.રતાણીએ અનુરોધ કર્યો છે.

## ખિસ્સામાં બિયરનું ટીન મુકીને જતો બાઈકચાલક ઝડપાયો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક પુન્દ્રાસણ-વાવોલ રોડ પરથી બાઈક પર પસાર થઈ રહેલો એક યુવાન શખ્સ પોલીસના હાથે ઝડપાયો હતો જેણે પોતાના પેન્ટના ખિસ્સામાં બિયરનું ટીન મુકયું હતું. બિયર ખરીદીને પીવા માટે લઈ જતાં યુવાનને પકડી પાડી પેથાપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પોલીસ આજે બપોરના અરસામાં પુન્દ્રાસણ-વાવોલ માર્ગ પર ચેકીંગમાં હતી તે દરમિયાન એક બાઈક પર નિકળેલા યુવાન પર શંકા જતા પોલીસે તેને ઉભો રખાવી તપાસ કરતા તેના ખિસ્સામાંથી એક નંગ બિયરનુંટીન મળી આવ્યું હતું. તેનું નામ ઠામ પુછતા બોરીજ ગામના મનુ પ્રતાપ સોમપુરી હોવાનુંબહાર આવ્યુંછે.પેથાપુર પોલીસે મનુસોમપુરીની એક બિયરના ટીન સાથે ધરપકડ કરી બાઈક જપ્ત કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.જો કે બિયરનુંટીન તે યુવાન કયાંથી લાવ્યો હતો અને ત્યાં દારૂ-બિયર હજુ પણ વેચાય છે કે શું ? તે સહિતની તપાસ પેથાપુર પોલીસે શરૂ કરી છે.

## કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજની ડિરેકટરી બાબત

ગાંધીનગર, તા.૯

શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપુત સેવા સમાજ ગાંધીનગર દ્વારા નવી ડીરેકટરી બનાવવાની કાર્યવાહી ચાલુ છે. ગાંધીનગર શહેર જિલ્લામાં વસતા શ્રી કચ્છ કાઠીયાવાડ રાજપુત સમાજના કુટુંબોને કાર્યકર મારફતે ડીરેકટરી માટેના ફોર્મ મોકલેલ છે. જે ફોર્મ ભરી સમાજની કચેરીએ તા. ૧૫મી એપ્રિલ સુધીમાં પહોંચાડવા જણાવેલ છે. કચેરીનો ફોન નં. ૦૭૯-૨૩૨૨૬૪૪૪ છે.

# વાણિજય કોલેજમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ








ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેકટર - ૧૫ ખાતે આવેલ વાણીજય કોલેજમાં પ્રાથમિક સુવિધાઓનો સદંતર અભાવ જોવા મળે છે. શહેરની વાણીજય કોલેજમાં અંદાજીત ૩૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ત્યારે વિદ્યાર્થીઓ માટે પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા નથી જયારે શૌચાલયની સ્થિતિ પણ અત્યંત ખરાબ છે. આ સમસ્યાઓની રજુઆત કોલેજ તંત્રને કરવા છતા નિવેડો ના આવતા વિદ્યાર્થીઓ રોષે ભરાયા છે. પ્રશ્નો અંગે ટુંક સમયમાં યોગ્ય નિર્ણય નહી લેવામાં આવે તો વિદ્યાર્થીઓ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

ગાંધીનગર શહેરની મધ્યમમાં વાણીજય કોલેજ આવેલી છે. જેમાં શહેરી વિસ્તાર ના તેમજ જિલ્લાભરમાંથી વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવે છે. વાણીજય કોલેજમાં અંદાજીત ૩૦૦૦ થી વધુ વિદ્યાર્થી ભાઈ બહેનો અભ્યાસ કરે છે. ત્યારે આ કોલેજમાં પ્રાથમિક સુવિધાના નામે મીંડુ છે. ધીમી ગતિએ ઉનાળાનો પ્રારંભ થઈ રહ્યો છે. ઉનાળામાં પાણીએ દરેક વ્યકિત માટે અત્યંત આવશ્યક જરૂરીયાત છે ત્યારે કોલેજમાં આટલા વિદ્યાર્થીઓ હોવા છતા ઠંડા પાણીની કોઈ જ વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવી નથી. કોલેજમાં આવેલી સ્ટ્રીટ લાઈટો પણ બંધ હાલતમાં હતી જે અનેકવાર રજુઆત બાદ તંત્ર દ્વારા શરૂ કરવામાં આવી છે. કોલેજમાં શૌચાલયની પરિસ્થિતિ પણ કથળેલી છે. શૌચાલયોમાં પાણી આવતું નથી ટાઈલ્સો તુટેલી ફુટેલી છે તેમજ અસહ્ય ગંદકીને કારણે વિદ્યાર્થીઓ ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. રાજયની રાજધાનીની કોલેજની જ આવી અવદશા હોય તો અન્ય શહેરોની કોલેજની શું દશા હશે... વિદ્યાર્થીઓએ પાર્કિંગ બાબતે અનેકવાર રજુઆત કરી છે છતા કોલેજ તરફથી યોગ્ય પાર્કીંગ વ્યવસ્થા ફાળવવામાં આવી નથી જેને પગલે વિદ્યાર્થીઓ આડેધડ વાહનો પાર્ક કરતા પ્રાધ્યાપકોનો રોષનો ભોગ નિર્દોષ વિદ્યાર્થીઓને બનવું પડે છે. ગાંધીનગર એનએસયુઆઈના કાર્યકર્તાઓ દ્વારા કોલેજ સતાવાળાઓને પ્રાથમિક સુવિધાના પ્રશ્નો અંગે લેખીત જાણ કરવામાં આવી છે. છતા યોગ્ય સમયમાં સમસ્યાઓનો નિવેડો નહી આવે તો એનએસયુઆઈ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેમ જયરાજસિંહ બિહોલાએ જણાવ્યું છે.

## જિલ્લા શહેર કોંગ્રેસ લઘુમતી મોરચા દ્વારા પરીક્ષાર્થીઓને શુભેચ્છા



ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ લઘુમતી વિભાગના મહામંત્રી શ્રી ઈમરાન જે. પઠાણે જણાવેલ છે કે ધો-૧૦ અને ૧૨ની પરીક્ષામાં સફળતા માટે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવામાં આવી છે. સેંટ ઝેવિયર્સ ખાતે પરીક્ષાર્થીઓને ગુલાબનું ફુલ આપી શુભેચ્છા સ્વાગત ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ લઘુમતી વિભાગ દ્વારા કરાયું હતું. આ પ્રસંગે શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી ડૉ. કૌશિકભાઈ શાહ, પૂર્વ પ્રમુખશ્રી વિક્રમસિંહ એલ. ખાચર, ગાંધીનગર લઘુમતી વિભાગના ચેરમેન શ્રી હિંમતભાઈ મેકવાન, વાઈસ ચેરમેન શ્રી યુસુફભાઈ પઠાણ તેમજ શ્રીમતી જયાબેન લાડ, મહામંત્રી શ્રી કિરીટભાઈ પરેરા, પોલ જે. કીષ્ટી, ઈસુદાસ સાગર, નાશીરભાઈ દિવાન, શ્રી અબ્દુલકુદુસ વોરા, શ્રી એસ.એલ. વર્મા, સેવાદળના શ્રી મુકેશભાઈ મારૂ તથા શ્રી પી.જે. સુશીલ તથા અન્ય કોંગ્રેસ કાર્યકરો અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતાં.

# સેન્ટ્રલ ટેકનિકલ ફેસ્ટ-૨૦૧૬ દ્વારા સ્માર્ટ સીટી અને સ્ટાર્ટ અપ ઈન્ડિયા મિશનને વેગ

**ચાંદખેડાની વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજ ખાતે યોજાનાર આ ટેક ફેસ્ટમાં દેશભરમાંથી ૧૨ હજારથી વધુ સ્પર્ધકો ઉમટશે : ૬૦ જેટલી ટેકનિકલ ઈવેન્ટસ યોજાશે**

ગાંધીનગર, તા.૯

ચાંદખેડાની વિશ્વકર્મા ગર્વમેન્ટ એન્જિનીયરીંગ કોલેજ ખાતે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી-જીટીયુના માર્ગદર્શનમાં ડૉ. આર. કે. ગજ્જરના નેતૃત્વ હેઠળ તા. ૧૧મી અને ૧૨મી માર્ચ દરમિયાન 'સેન્ટ્રલ ટેકનિકલ ફેસ્ટ ૨૦૧૬'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ટેકનિકલ ફેસ્ટિવલમાં આશરે ૧૨ હજારથી વધુ સ્પર્ધકો ભાગ લઈ રહ્યા છે અને ૬૦ જેટલી ટેકનિકલ ઈવેન્ટસ યોજાવાની છે. આ ટેક ફેસ્ટ ૨૦૧૬ વડાપ્રધાન નરેન્દ્રમોદીની પહેલ 'સ્ટાર્ટ અપ ઈન્ડિયા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા' થી પ્રેરિત અને 'સ્માર્ટ સીટી'ના પરિપ્રેક્ષ્યમાં યોજાનાર છે. અત્યાર સુધીમાં ૭૦ જેટલા 'સ્ટાર્ટ અપ્સ' રજીસ્ટ્રેશન થઈ ચૂકયાં છે.

સેન્ટ્રલ ટેકનિકલ ફેસ્ટિવલ-૨૦૧૬માં સ્ટાર્ટ અપ સમિટ અને સ્માર્ટ સીટીઝ કોન્કલેવ યોજાશે. જેમાં મુખ્ય મહેમાન પદે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર ડી. થારા અને ગીફટસીટી ગાંધીનગરના નિલેશ પુરી ઉપસ્થિત રહેશે. ટેકફેસ્ટના ઉદઘાટન પ્રસંગે રાજય શિક્ષણમંત્રી વસુબેન ત્રિવેદી, જીટીયુના વાઈસ ચાન્સેલર ડૉ. અકસાઈ અગ્રવાલ, ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. એમ.એન. પટેલ, ગાંધીનગરના પીએસ એજયુકેશનના પંકજ જોષી, ગાંધીનગર આઈઆઈટીના ડૉ. એસ.કે. જૈન, ગાંધીનગર સીટીઈના એ.એમ. માંકડ, ટીસીએસ કંપનીના અનોમિત્રા દાસ તથા ગીફટ સીટીના એમ.ડી. અજય પાંડે ઉપસ્થિત રહેશે. તા. ૧૨મી માર્ચે યોજાનાર સમાપન સમારંભમાં જીટીયુના વાઈસ ચાન્સેલર ડૉ. અસાઈ અગ્રવાલ, ટાટા મોટર્સના પાર્થ દેસાઈ, ટીએન્ટઆરના ડાયરેકટર સત્યેનભાઈ મમોત્રા મહેમાન પદે ઉપસ્થિત રહેશે.

Presents GTU CENTRAL TECHFEST '16

વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રાજુલ ગજ્જરે જણાવ્યું છે કે 'આટલી વિશાળ ક્ષમતા અને વૈવિધ્ય સાથેના રાજયનો આ પ્રથમ ટેકનિકલ ઈવેન્ટ યોજાઈ રહ્યો છે. રાજયની યુવા માનસ અને ઉદ્યોગ સાહસિકતા વખણાઈ રહી છે. અભ્યાસ કરી રહેલા પ્રતિભાશાળી યુવાઓને તેમની ક્ષમતાનું પ્રદર્શન કરવાનું પ્લેટફોર્મ પુરું પાડવાનો અમને આનંદ થઈ રહ્યો છે. પહેલીવાર દેશભરમાંથી આટલી મોટી સંખ્યામાં યુવાઓ ભાગ લઈ રહ્યાં છે.' અત્રે ઉલ્લેખનીય છે કે ટેક ફેસ્ટ ૨૦૧૬માં વિવિધ ટેકનિકલ ઈવન્ટસ જેવીકે રીવર્સ એન્જિનીયરીંગ, અર્બનાઈઝમ, કોર્પોટ્રેડ, લેઝર મેઝ, કેમ-ઓ-કાર ઉપરાંત ઓલ ટેરિન વ્હિકલ, રોબોટિકસ, સ્માર્ટ સીટી કોન્કલેવ, વર્કશોપ, નોનટેકનિકલ ઈવેન્ટસ તથા એન્ટપ્રિન્યોરીયલ સમિટ વગેરેનું આયોજન કરાયું છે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર પૂજાજી ગલાજી, ઉ.વ. ૨૫
- સ્વ. બાલુબેન છગનભાઈ ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. ઠાકોર ચંદાબેન મંગાજી, ઉ.વ. ૭૦
- સ્વ. જયસ્વાલ પૂનમબેન ભોગીલાલ, ઉ.વ. ૪૬